ગાવાનું વ્યસન જેવું છે, છોડી જ ન શકાય



એક નાનકડો છોકરો, શાળામાં ભણતો દસ-બાર વર્ષનો વિદ્યાર્થી સૌરાષ્ટ્રના અમરેલીમાં સરકારી સંગીત શાળામાં પ્રવેશ મેળવવા જાય છે, 'સાહેબ, મારે સંગીત શીખવું છે.' શિક્ષક ખિજાય છે, 'સંગીત શીખવું છે ? સા..રે..ગ..મ ..ગાતાં આવડે છે ?' છોકરો હા પાડે છે. શિક્ષકે કહ્યું, 'તો ચાલ, સંભળાવ' અને છોકરાએ તાન છેડી. શિક્ષકે પોતાના સહશિક્ષકને તાત્કાલિક બોલાવ્યા અને કહ્યું કે આ છોકરો પ્રતિભાશાળી જણાય છે, આપણને ખૂબ કામ લાગશે. બંને શિક્ષકો બાળકનું સંગીત સાંભળીને ભાવવિભોર બની ગયા અને નક્કી કર્યું કે વડોદરા ગાયકવાડ મહારાજાના દરબારમાં આની પાસે ગવડાવીએ. અને એમ જ થયું. વડોદરા દરબારમાં બાળકે પોતાનો સૂર રેલાવ્યો ને ઘડીભર તો સૌને આશ્ચર્યચકિત કરી દીધા. એ બાળક, એ સંગીતપ્રેમી વિદ્યાર્થી એટલે ૧૯૭૦ની સાલથી ગાંધીનગરમાં વસતા શ્રી સુરેન્દ્ર ભૂપતરાય બક્ષી.

સુરેન્દ્રભાઈને સંગીતના સંસ્કાર વારસામાં જ પિતાજી પાસેથી પ્રાપ્ત થયા. પિતાજીને તબલા વાદનનો ખૂબ શૉખ હોવાથી તેઓ સયાજીરાવ ગાયકવાડના મૌલાબક્ષની સ્કૂલમાં પ્રવેશ મેળવીને તબલાના મહારથી બન્યા હતા. (મૌલા બક્ષ ટીપુ સુલતાનના પૌત્ર હતા. ખૂબ ઊંચા ગજાના ગાયક હતા અને સયાજીરાવે તેમના દરબારમાં ગાયક તરીકે તેમને સ્થાન આપ્યું હતું.) પિતાજીનો સંગીત વારસો, સંસ્કાર ચારે ભાઈઓમાં બાળપણથી જ ઊતર્યો હતો. નાના ભાઈ ગજેન્દ્ર બક્ષી જેઓ ઉસ્તાદ આમીરખાન સાહેબના શિષ્ય છે અને હાલ આકાશવાણી રાજકોટ પર એ ગ્રેડના કલાકાર છે. તો સરોદ વાદક મહેન્દ્ર બક્ષી ઝરીન દારૂવાલાના ખૂબ જાણીતા સરોદવાદક શિષ્ય છે અને શ્રી જિતેન્દ્ર બક્ષી સુવિખ્યાત પંડિત પન્નાલાલ ઘોષના ભાઈ વિખ્યાત તબલા માસ્ટર નિખિલ ઘોષ પાસે તબલા વાદન શીખ્યા છે. અને સુરેન્દ્રભાઈએ શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં નિપુણતા મેળવી. આમ બક્ષી કુટુંબ એ સંગીતની દુનિયાનો અનોખો સમન્વય.

સુરેન્દ્રભાઈએ શાળા અભ્યાસ દરમ્યાન ખૂબ સંગીત માણ્યું, જાણ્યું. ત્યારપછી રાજકોટ ખાતે નૉકરી મળતાં ત્યાંના ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્ય અને ઉચ્ચ કોટિના શાસ્ત્રીય ગાયક શ્રી અમૃતભાઈ દોશી પાસેથી સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું. તે ઉપરાંત ભાવનગરના જાણીતા સંગીતજ્ઞ શ્રી બાબુલાલ અંધારિયા તથા ઉસ્તાદ કાદરખાન સાહેબ પાસેથી મુખ્યત્વે સંગીતની તાલીમ મેળવી. ગુરૂ તરીકે આવા ઉત્તમ શિક્ષકો મેળવીને સુરેન્દ્રભાઈ ધન્યતા અનુભવે છે. પરંતુ ત્યારબાદ મુંબઈ રાજ્ય થતાં અને ત્યાં રહેવાનું થતાં વ્યવસ્થિત રીતે સંગીતની તાલીમ ન મેળવી શક્યા. પરંતુ જન્મજાત જે સંસ્કાર સિંચાણાં હતા એ મુજબ પોતાની મેળે જ રિયાઝ ચાલુ રાખ્યા.

બક્ષીસાહેબના પ્રિય ગાયકોમાં ભારતના ઉત્તમ ગાયકો પંડિત ઓમકારનાથ ઠાકુર, ઉસ્તાદ બડે ગુલામ અલી ખાં સાહેબ અને ઉસ્તાદ અમીરખાન સાહેબ (ઈન્દોર ઘરાના ફેમ) મુખ્ય છે. ૧૯૧૨માં ઈન્દોરમાં જન્મેલા અને ઈન્દોર ઘરાનાના સ્થાપક તેમજ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના માંધાતાઓમાંના એક એવા ઉસ્તાદ આમીરખાનની ગાયકીથી સુરેન્દ્રભાઈ એટલા પ્રભાવિત થયેલા કે તેમની ગાયકીમાં સહજ રીતે ઉસ્તાદ આમીરખાનની સાહેબની ગાયકીની અસર અને છાંટ જોવા મળે છે. ૧૯૬૩માં ઉસ્તાદ આમીરખાન સાહેબને મુંબઈમાં પ્રથમ વખત મળવાનો લ્હાવો મળ્યો. બૉમ્બેના શાંતાક્રૂઝ મ્યુઝીક સર્કલમાં સતત ત્રણ કલાક તેમને સાંભળેલા. પરિચય ગાઢ થતાં ઉસ્તાદ આમીરખાન સાહેબે સુરેન્દ્રભાઈના ગાંધીનગરના નિવાસ સ્થાને પણ એક દિવસ વિતાવ્યો હતો. ખભા પર હાથ મૂકી પ્રેમથી વાતો કરતા આમીરખાન સાહેબે સુરેન્દ્રભાઈને કલાસાધના માટે કાયમી રીતે પ્રોત્સાહિત કર્યા છે.

સુરેન્દ્રભાઈનો સંગીત પ્રત્યે રસ, અભિરૂચિ કે પ્રભુકૃપા કહો, જે સંગીત સાંભળે તે બધું જ યાદ રહી જાય, મનમાં રૅકર્ડ થઈ જાય. રાગની વિગત પુસ્તકમાં જોવાની પણ જરૂર ન પડતી. પરંતુ વફાદારી અને ચીવટથી રાગ ગવાય એ માટે અભ્યાસ કરીને જ રાગ છેડતા. ગાંધીનગરને જ પોતાનું વતન માનતા સુરેન્દ્રભાઈ નૉકરીને કારણે પોતાના શૉખને પોષી ન્હોતા શક્યા. પરંતુ ૧૯૮૯માં સરકારી નૉકરી (નાણાં વિભાગ)માંથી નિવૃત્તિની સાથે જ સંગીતની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી દીધો.

પૂ. શ્રી અરવિંદ અને પૂ. માતાજીના પરમ ભક્ત એવા સુરેન્દ્રભાઈ પર આધ્યાત્મિક જીવનની ઊંડી અસર જોવા મળે છે. બક્ષીસાહેબ જાહેરમાં ગાવાનું, પ્રચાર, પ્રસિદ્ધિ વિગેરેથી દૂર રહેતા. પરંતુ શ્રી અરવિંદ કેન્દ્રના સ્વ. શ્રી નૌતમભાઈ ભટ્ટ, પૂ. નિર્મળાબા તથા લોકલાડીલા કલાગુરુ શ્રી પિનાકીનભાઈ વ્યાસના આગ્રહથી અને બીજા કલાકારોને પ્રેરણા મળે તે હેતુથી અરવિંદ કેન્દ્ર ખાતે દર મહિને એક વખત સ્થાનિક કલાકારોની બેઠક યોજાતી તેમાં સુરેન્દ્રભાઈએ ગાવાનું શરૂ કર્યું. ૬ જૂન, ૧૯૯૯થી શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે શરૂ થયેલ બેઠકનો સીલસીલો ૨૦૦૫-૦૬ સુધી ચાલુ રહ્યો. (બક્ષી સાહેબે આ બેઠકોમાં ગવાયેલા રાગની ડાયરી રાખી છે, જેથી કોઈ રાગ રિપીટ ન થાય અને જુદા જુદા રાગ ગાઈ શકાય.) તે ઉપરાંત સ્થાનિક મિત્રો ભેગા થઈને નિયમિત બેઠક ગોઠવતા અને સુરેન્દ્રભાઈ એમાં રાગ, તાન વિગેરે છેડતા. વળી શ્રી વાગ્મિનભાઈ બુચ (પ્રમુખ, શિવરંજની) જેવા મિત્રો સાથે નિયમિત રીતે શાસ્ત્રીય સંગીત અંગે ગોષ્ઠિ કરતા. આવી જ રીતે સુરેન્દ્રભાઈ જ્યારે રાજકોટ જાય ત્યારે રાજકોટ મિત્ર વર્તુળમાં પણ શાસ્ત્રીય સંગીતનો જલસો ગોઠવાય જ.

ગાંધીનગરની જાણીતી સંસ્થા 'અવસર' દ્વારા યોજાયેલ સન્માનમ્ કાર્યક્રમમાં બક્ષી સાહેબને ઍવૉર્ડ પ્રદાન કરીને નવાજવામાં આવ્યા હતા. સુરેન્દ્રભાઈ પાસે અનેક નામી-અનામી કલાકારો શાસ્ત્રીય સંગીતનું માર્ગદર્શન મેળવવા આવે છે અને બક્ષી સાહેબ પ્રેમથી તેમને મદદરૂપ થાય છે. તેઓ આજે પણ તાનપુરા પર રોજ રિયાઝ કરે છે. તેઓ માને છેકે રાગોનું મનન અને ચિંતન એ પણ રિયાઝના મહત્ત્વના ભાગ છે. સુરમાં રહીને રાગ ગવાય, તાલ સાથે વિવિધ તાન વણી લેવાય, નાભિમાંથી સ્વર નીકળે એવી રીતે ગાવાની ગાયકી સુરેન્દ્રભાઈની ખાસિયત રહી છે. તેઓ કહે છે કે ગાવાનું વ્યસન જેવું છે, છોડી જ ન શકાય. માનો સંગીતના આદિ થઈ ગયા છે. ૮૦ વર્ષે પણ બક્ષી સાહેબનું આ વ્યસન ખરેખર અભિનંદનીય છે. આજે પણ સુરેન્દ્રભાઈ પોતાનું લૅપટૉપ સાથે રાખીને સંગીતની વિવિધ વેબસાઈટ્સ સર્ચ કર્યા કરે છે.

સુરેન્દ્રભાઈએ બહુ મોટા કાર્યક્રમો નથી કર્યા પણ પોતાનું સમગ્ર જીવન શાસ્ત્રીય સંગીતને સમર્પિત કરી દીધું છે. જુલાઈ, ૧૯૯૮માં પત્ની સુધાબેનનું અવસાન થયું. તેમની ત્રણે દીકરીઓ - પદ્મજા, ધાત્રી અને નમિતા પોતાના સાસરે છે. પરંતુ, સુરેન્દ્રભાઈ આજે પણ સ્વતંત્ર રીતે, સંપૂર્ણ સાદગીથી ભક્તિમય જીવન જીવે છે. તેઓને સંગીતમાંથી પૈસા મેળવવાનું ક્યારેય આકર્ષણ નહોતું થયું. નિસ્વાર્થ ગાવાનું અને વહેંચવાનું.

ટીવી પર આવતા રિયાલિટી શો પણ સુરેન્દ્રભાઈ જુએ છે. તેઓ માને છે કે બાળકો પાસે ખૂબ ટૅલેન્ટ છે. પરંતુ યોગ્ય માર્ગદર્શન ન મળે તો તેમનો વિકાસ રૂંધાય છે. આથી મહેનત કરી પરિપક્વતા કેળવવી જરૂરી છે.

તેમના પ્રિય રાગોમાં સવારે ભૈરવ-ગુજરી તોડી અને અહીર ભૈરવ, બપોરે - મારવા, શ્રી અને પૂર્વી (સૌથી વધુ પ્રિય છે), રાત્રે માલકૌંસ અને યમન કલ્યાણ. ઋતુઓના રાગમાં મલ્હાર રાગ ખૂબ પસંદ છે. સુરેન્દ્રભાઈને પશ્ચિમનું શાસ્ત્રીય સંગીત, ફિલ્મી સંગીતમાં સાયગલ અને લતાજીને સાંભળવા ખૂબ ગમે છે. શ્રી પ્રિય સત્ય સાંઈબાબાના ભજનો સત્સંગમાં અવાર-નવાર સુરેન્દ્રભાઈ ગાય છે. અને બક્ષી સાહેબનું પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...' છે. આવા ગાંધીનગરના આપણા વૈષ્ણવ જનને સાદર વંદન !

કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

ગુજરાતના યુવાનો, વિદ્યાર્થીઓને રાયફલ તાલીમ વર્ગમાં જોડાવાની તક

ગાંધીનગર, તા. ૧૧

ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટી દ્વારા રાઈફલ/પિસ્તોલ શુટિંગ માન્ય રમત છે અને તેનો ઓલમ્પિક રમતોત્સવમાં સમાવેશ કર્યો છે. વિશ્વ અને આંતરરાષ્ટ્રીય રમતોમાં ભારતનાં રમતવીરો રાઈફલ/પિસ્તોલ શુટિંગ રમતમાં સૌથી વધુ મેડલો જીતી લાવે છે. તેથી ભારત સરકારે રાઈફલ શુટિંગ રમતને પ્રાયોરિટી ગેઈમમાં મુકી છે.

ભારત સરકારના ગૃહખાતા દ્વારા આયોજિત અને રાજ્ય સરકારનાં ગૃહખાતા દ્વારા સંચાલિત નાગરિક રાયફલ તાલીમ યોજના દ્વારા પાયાની સરકારી રાયફલ તાલીમ ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસીએશન, મિલિટરી એજ્યુકેશન કેમ્પસ, ખાનપુર, અમદાવાદ પીન ૩૮૦૦૦૧ ટે.નં. ૨૫૬૦૧૯૯૨/૨૫૬૦૧૮૦૯નાં તાલીમ કેન્દ્ર ખાતે યુવાનો, વિદ્યાર્થીઓ તથા નાગરિકોને દેશની અને નાગરીકોની સુરક્ષા માટે તથા રાયફલ શુટિંગ (નિશાનેબાજી) રમત માટે ઉપયોગી તાલીમ ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં આપવામાં આવે છે. રાયફલ શુટિંગ રમતને ભારત સરકારે અગ્રતા ક્રમની રમત તરીકે સમાવેશ કર્યો છે.

તાલીમમાં ૧૨ વર્ષથી મોટા અને ૧૫ વર્ષ સુધીનાને એર રાયફલથી અને ૧૫ વર્ષથી મોટાને ૦.૨૨ રાયફલથી તાલીમ આપવામાં આવે છે. આગામી ૧૪ દિવસનો બે કલાકનો સવારનો અથવા બપોરનો તાલીમવર્ગ, પ્રતિમાસ બે બેચ સવારે ૭.૩૦થી ૯.૩૦ અને બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમિયાન યોજાશે. જેમાં ૧૨ થી ૧૫ વર્ષનાને એર રાયફલથી અને ૧૫ વર્ષથી સરકાર દ્વારા નક્કી થયેલા કન્સેશન ભાવથી મોટાને ૦.૨૨ વિદેશી રાયફલથી જીવતા કારતૂસ આપી શીખવવામાં આવે છે. આ આ તાલીમ વર્ગમાં શાળા, કોલેજનાં વિદ્યાર્થીઓને ફીમાં ૫૦ટકા રાહત આપવામાં આવે છે.

રાઈફલ તાલીમની અગત્યતા, મહત્વ, ફાયદા, રાયફલના ભાગોના નામ, નિશાન તાકવાના નિયમો પોતાના હથિયારની સલામતી અને રેન્જ ઉપર પાળવાના સલામતીનાં નિયમો, તેની કાળજી અને સફાઈનાં પ્રકાર, કારતૂસના પ્રકાર, વ્યાખ્યાઓ વગેરેથી તાલીમમાં માહિતગાર કરવામાં આવે છે અને તેમાં સફળતા મેળવનાર ૧૫ વર્ષથી મોટાને ને પોલીસ કમિશનરની ૧૨ થી ૧૫ વર્ષનાને સંસ્થાના અધિકારીની સહીવાળા પ્રમાણપત્રથી નવાજવામાં આવે છે.

ગુજરાતમાં કોઈપણ શાળા, કોલેજ, સંસ્થામાં રાઈફલ, પિસ્તોલ શુટીંગ તાલીમ કેન્દ્ર શરૂ કરવા તથા સંસ્થાનાં માન્ય કોચ ઈન્સ્ટ્રક્ટર, ટ્રેનર જજ રાઈફલ તાલીમ કેન્દ્ર સંચાલક, અધિકારી બનવા માટે એન્જિનિયર નરેન્દ્રભાઈ ઓઝા માનદ્ મહામંત્રી, ગુજરાત સ્ટેટ રાયફલ એસોસિએશનનો સંપર્ક સાધવો.

આજે ટાઉન હૉલમાં 'લવ યુ જિંદગી' નાટક

ગાંધીનગર, તા. ૧૧

સંગીત નાટક અકાદમીના ઉપક્રમે ગુરુવારે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે 'લવ યુ જિંદગી' નામક નાટકનું આયોજન કરવામાં આવ્યું છે.

થિયેટર પિપલ, જામનગરના વિરલ રાચ્છ દિગ્દર્શિત આ નાટકે ચાલુ વર્ષે અકાદમીની રાજ્યકક્ષાની સ્પર્ધામાં કુલ પાંચ સિદ્ધિઓ હાંસલ કરી છે : શ્રેષ્ઠ નાટક, શ્રેષ્ઠ મૌલિક સ્કીપ્ટ (ડૉ. રઈશ મણિયાર), શ્રેષ્ઠ દિગ્દર્શક (વિરલ રાચ્છ), શ્રેષ્ઠ ઍક્ટર (જય વિઠલાણી) અને શ્રેષ્ઠ ઍક્ટ્રેસ (આરતી મલ્કાન).

જીટીયુ દ્વારા બીફાર્મ અને એમફાર્મ માટે આજે જોબફેર

અમદાવાદ, તા.૧૧

જીટીયુ દ્વારા આવતીકાલ ૧૨મી એપ્રિલે સ્પેશીયલ જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોબ ફેરમાં કુલ ૭૩૦ વિદ્યાર્થીઓ ક્વોલીફાય થયા છે. જીટીયુ દ્વારા આયોજીત ફક્ત બીફાર્મ અને એમફાર્મ માટેના સ્પેશીયલ જોબ ફેરમાં બન્નેમાં કુલ ૧૫૦૦ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયુ હતુ. જેમાંથી શોર્ટલીસ્ટ કરી બીફાર્મમાં ૫૦૦ અને એમફાર્મમાં ૨૩૦ વિદ્યાર્થીઓ ક્વોલીફાય થયા છે. આ જોબફેરમાં જાણીતી ૧૦ ફાર્મા કંપનીઓ ભાગ લઇ રહી છે. વિવિધ કંપનીઓમાં જુદી જુદી ૧૮૭ નોકરીઓ છે. ક્વોલીફાય થનાર વિદ્યાર્થીઓનું કાર્યક્ષેત્ર અમદાવાદ સહિત ગુજરાત રાજ્ય અને બેંગ્લોર ખાતે રહેશે. જોબફેર જીટીયુ ખાતે સવાર ૯થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ચાલશે.

આવતીકાલનો ઉજાસ

સુરેશ દેવાભાઈ ઠાકોર

ધોરણ-૮

વહાણવટી વિદ્યાલય

સુરેશ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિશેષ રસ ધરાવે છે. નાટક, નૃત્ય, સંગીત અને વક્તૃત્વ સ્પર્ધા વગેરેમાં ઉજ્જવળ દેખાવ કરનાર સુરેશની રમત પ્રત્યેની ઋચિ જોઈને અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળે છે.

ગૌતમ સુરેશભાઈ ઠાકોર

ધોરણ-૯, ઍમ બી પટેલ

સાર્વજનિક વિદ્યાલય

ગૌતમ વિજ્ઞાન અને ટૅકનોલૉજીમાં વિશેષ રસ ધરાવે છે. તેણે જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંક મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે. કિશોર સત્સંગ અને ગાયત્રી પરિવારની ધાર્મિક પરીક્ષાઓ ઉપરાંત ગુજરાત પ્રદેશ મધ્યસ્થ શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે.

વાયુ પ્રદૂષણ અંગે વિશદ્ ચર્ચા વિષયે ગેમી ખાતે વિશેષજ્ઞોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ વિભાગની ગુજરાત પર્યાવરણ વ્યવસ્થાપન સંસ્થાનના નિયામકશ્રી ડૉ. સંજીવ ત્યાગી, આઈ.એફ.એસ.ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવનાર પ્રોજેક્ટ ઓન સોર્સ એપોરસમેન્ટ સ્ટડી ઈન અમદાવાદ, વિષય હવા પ્રદૂષણના જુદા જુદા પરિબળોની ઓળખ કરીને તેમા સુધારાત્મક પગલાં લેવાના સચોટ સુચનો સહિત અહેવાલ તૈયાર કરવા માટે ગાંધીનગર-ગેમીના સમિતિ કક્ષમાં વિશેષજ્ઞોની બેઠક આજરોજ સંપન્ન થઈ.આ પ્રસંગે ગેમીના પર્યાવરરણ ઈજનેર કામીની પ્રજાપતિએ પ્રસંગોચિત પ્રસ્તુતિ કરી હતી. આ બેઠકમાં સેપ્ટ યુનિવર્સિટીના પ્રોફેસર અશ્વની કુમાર, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર શ્રીમતી હુમા સૈયદ, ગુજરાત યુનિવર્સિટીના પર્યાવરણ વિજ્ઞાન વિભાગના પ્રોફેસર ડૉ. નિશા શાહ, વન વિભાગ અમદાવાદ નાયબ વન સંરક્ષક શ્રી જાની, પ્રાદેશિક કચેરી જીપીસીબીના પ્રાદેશિક અધિકારીશ્રી એ.એ. દોલતી, શ્રીમતી નેહલ અજમેરા, નાયબ પર્યાવરણ ઈજનેર, એન.સી.ડી.સી. બેંકના રીઝનલ ડાયરેક્ટર શ્રી અશ્વીની કુમાર, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના ડૉ. પરિમલ જીવરાજાની સહિત પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા ઈજનેરો અને વૈજ્ઞાનિકોએ આ મહત્વના કાર્યક્રમમાં ભાગ લઈ કરેલા ઉમદા સુચનોમાં અમદાવાદની એરક્વોલીટી મેનેજમેન્ટ પ્લાન, વર્તમાન ૧૪ મોનિટરીંગ સ્ટેશનની સમીક્ષા, પૃથ્થકરણ કરાતા પેરામીટરની વિગતો, પ્રયોગશાળાને સુદૃઢ કરવા, વાહનોનું પ્રદુષણ ગ્રીન એરિયા, કન્ટિન્યુઅસ મોનિટરીંગ સ્ટેશન, વગેરે મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

આગામી દિવસોમાં ઉપરોક્ત પ્રોજેક્ટને મૂર્તિમય કરવા માટે વન અને પર્યાવરણ વિભાગ સહિત જુદા જુદા હિત ધારકો, રાજતંત્રના કાર્યાલયો, શૈક્ષણિક સંસ્થાઓ, વગેરેને સાથે રાખીને એક કાર્યશિબિર પણ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ અમદાવાદ શહેરની હાલની ગુણવત્તામાં વધુ સુધારો લાવવા માટે ઘનિષ્ઠ પગલા સુચવવાનો અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવશે.

તપોવન સંસ્કૃત શાળામાં પ્રવચન શ્રેણી

સંસ્કૃત ભાષા જીવનશૈલી માટે ઉપકારક છે

ગાંધીનગર, તા. ૧૧

શ્રી કાન્તીલાલ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત શ્રી પ્રેમસુરીશ્વરજી સંસ્કૃત પાઠશાળામાં જૈન શાસનના જ્યોતિર્ધર એવા આચાર્યદેવો તથા સાધુ-સાધ્વીઓની પધરામણી પ્રસંગે બૅન્ડવાજા તથા સુરાવલીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી શંખેશ્વર તીર્થથી પધારેલા મહારાજ ફુલચંદ્રસુરીશ્વરજી, હેમચંદ્રસુરીજી, મુક્તિનિલય વિજયજીની પધરામણી પ્રસંગે સંયોજક જિતરક્ષિતવિજયજીએ આવકાર પ્રવચન કર્યું હતું.

ધર્મ, સંસ્કાર અને સંસ્કૃત ભાષાના વિકાસ માટે ૨૦ વર્ષથી કાર્યરત એવી આ સંસ્થા કળિયુગમાં કલ્પવૃક્ષ સમાન બની છે. લાખો યુવાનોને રાહબરી, માર્ગદર્શન અને હૂંફ તેનાથી મળી છે. મહારાજ પ્રેમસુરીશ્વરજીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં ભારત દેશમાં દેવભાષા સંસ્કૃતના સંરક્ષણ અને વિકાસ માટે થતા પ્રયત્નોને બિરદાવ્યા હતા.

મહારાજ હેમચંદ્રસુરીજીએ જણાવ્યું હતું કે, જમાનાવાદની ઘેલછામાં અંગ્રેજી ભાષા પાછળની આંધળી દોટના સ્થાને સંસ્કૃત ભાષા જીવનશૈલી માટે ઉપકારક છે.

મહારાજ ફુલચંદ્રસુરીશ્વરજીએ જણાવ્યું હતું કે બુદ્ધિશાળી યુવાનો સંસ્કૃત પ્રત્યે આકર્ષાય તે જરૂરી છે.

હેમપ્રભુસુરીજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ધર્મનું જ્ઞાન, વિજ્ઞાન અને સંસ્કૃત ભાષાનું શિક્ષણ ભાઈઓને નિ:શુલ્ક અપાય છે. પરિણામે સેંકડો પંડિતો અત્રેથી તૈયાર થાય છે. મહારાજ મુક્તિનિલયજીએ યુવાનોને જણાવ્યું કે ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કૃતનું શિક્ષણ જીવન ઘડતર માટે બહુમૂલ્ય છે.

સમારોહના પ્રારંભે કુલપતિ લલિતભાઈ ધામીએ આવકાર પ્રવચન તથા અંતે નરેન્દ્રભાઈ કામદારે આભાર દર્શન કર્યું હતું.

ગાંધીનગરના ચંદ્રાબેન શ્રીમાળીની વાર્તા 'ચૂડલા કરમ' શબ્દાંકનમાં રજૂ થઈ

આગામી માસે વાર્તા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

નવોદિત લેખકોની સાહિત્ય સંસ્થા શબ્દાંકન દ્વારા વડોદરા મુકામે ૧૧મી ગદ્ય કૃતિ હાસ્ય રંગ બેઠક મળી હતી, જેમાં ગાંધીનગરના ચંદ્રાબેન શ્રીમાળીની ગ્રામીણ સંસ્કૃતિ આધારિત વાર્તા 'ચૂડલા કરમ'નું વાચન થયું હતું. હાસ્ય વિશે સુરેશ પરમારે વિચારોની અભિવ્યક્તિ કરી હતી.

જામનગર, ગોંડલ, અમરેલી, શુક્લ તીર્થ ગામોના નવોદિત લેખકોની કૃતિઓ પણ આ સાથે રજૂ થઈ હતી.

આ કાર્યક્રમને પૂ. મોરારિબાપુ, સ્વામી સચ્ચિદાનંદજી, પૂ. પ્રમુખ સ્વામી, શ્રી નરેન્દ્રભાઈ મોદી, હાસ્ય કલાકાર સાંઈરામ દવે વગેરેએ શુભેચ્છા પાઠવી હતી.

આગામી માસમાં બીજી વાર્તા શિબિરનું આયોજન થઈ રહ્યું છે, જે અંગેની વધુ વિગતો માટે શબ્દાંકન સંસ્થા મનીષ જોષી (૯૯૨૫૬ ૨૮૪૯૮)નો સંપર્ક કરવા જણાવાયું છે.

ન થા કુછ તો ખુદા થા, કુછ ન હોતા તો ખુદા હોતા

મુઝસે મત કહ, તૂ હમેં કહતા થા અપની જિંદગી
જિંદગી સે ભી મેરા જી ઈન દિનોં બેજાર હૈ

જે હર મુલાકાતમાં આપણને જાન, પ્રાણ, શ્વાસ અને જિંદગી સંબોધતું હોય એને જોયે પણ જમાનો થઈ જાય ત્યારે જિંદગીથી પણ જીવ ભરાઈ (બેજાર) જતો હોય છે.

તત્ત્વચિંતન એ ઉર્દૂ-ફારસી કવિતાનું અભિન્ન અંગ છે. ગાલિબમાં એ સતત નથી આવતું પરંતુ છૂટુંછવાયું જ્યાં આવે છે ત્યાં અવ્વલ દરજ્જાનું આવે છે. આ શેર જુઓ, આદિ શંકરાચાર્યનો અદ્વૈતનો ભાવ અહીં કેવી બે-ખૂબીથી રજૂ થયો છે.

ન થા કુછ તો ખુદા થા, કુછ ન હોતા તો ખુદા હોતા,
ડુબોયા મુજકો હોને ને, ન મૈં હોતા તો ક્યા હોતા ?

જન્મ પહેલાં હું ઈશ્વરનો અંશ હતો. મૃત્યુ બાદ પણ હું ઈશ્વરનો અંશ હોઈશ. જે દિવસે હું આ 'હું' બન્યો તે દિવસથી મારા 'હું ભાવ'ને લીધે મારી અધોગતિ થઈ છે. હે પ્રભુ, જો આ 'હું' ન હોત તો હું ક્યાં હોત ?

જિંદગીમાં ઘણી બધી અવહેલનાઓ સામે પરવર દિગારે ખુશીના ચંદ પ્રસંગો પણ આપ્યા.

આવા પ્રસંગોએ ગાલિબને તાજજુબી થાય છે અને આમાં પણ પ્રભુની કોઈ રમત તો નહીં હોય ને ? એવા પ્રશ્નો જાગે છે. આ શેર જુઓ,

મુજ તક કબ ઉનકી બઝમમેં આતા થા દૌરે જામ,
સાકીને કુછ મિલા ન દિયા હો શરાબ મેં !

એની મહેફિલ (બઝમ)માં મારા સુધી ક્યારેય મદિરાનો પ્યાલો આવ્યો જ નથી. આજે મારા સુધી પ્યાલો આવ્યો છે ત્યારે મને શક થાય છે કે શરાબ પિરસનારે (સાકી) એમાં કાંઈ ભેળવી તો નહીં દીધું હોય ને ? ગીતાના સાક્ષીભાવને ચરિતાર્થ કરતો આ શેર જુઓ,

બનાકર ફકીરોં કા હમ ભેસ ગાલિબ
તમાશા-એ-અહલેકરમ દેખતે હૈં

બસ અમે તો જુદા જુદા વેષ ધારણ કરીને નિયતિનો ખેલ જોઈએ છીએ.

બાચીઝ-એ-અત્ફાલ હૈ દુનિયા મેર આગે,
હોતા હૈ શબોરોઝ તમાશા મેરે આગે

આ આખી દુનિયા મારી સામે બાળકોના ખેલ (બાચીઝ-એ-અત્ફાલ) જેવી છે. હું રાત-દિવસ બસ સાક્ષીભાવે તમાશો જોયા કરું છું.

સ્નેહીજનોના મૃત્યુ, ૧૮૪૭માં જુગારના કેસ સબબ જેલ, ૧૮૫૪માં બાદશાહ બહાદુર શાહ ઝફરના ઉસ્તાદ તરીકેની નિમણૂંક, ૧૮૫૭માં બળવાના શંકાસ્પદોમાં અંગ્રેજોના ચૉપડે નામ, સરકારી પેન્શનનનું બંધ થવું, ૧૮૬૨માં આવેલી લાંબી બિમારી... એક જ જિંદગીમાં આટઆટલા ચડાવ ઉતાર પછી માણસને આ ચકડોળ અબખે ન પડી જાય તો જ નવાઈ ! ઘટનાઓને સાક્ષીભાવે જોવાની હિંમત આપોઆપ આવી જાય છે. અને આ જ દૃષ્ટિકોણને ઉજાગર કરતી ગાલિબની ઘણી પંક્તિઓ મળી આવે છે

મુશ્કિલે ઈતની પડી કે આસાં હો ગઈ
અથવા દર્દકા હદસે ગુઝરના હૈ દવા હો જાના

હકારાત્મક દૃષ્ટિકોણ માટે ગાલિબનો આ શેર જુઓ.

ઈન આબલોં સે પાંવ કે ઘબરા ગયા થા મૈં,
જી ખુશ હુઆ હૈ રાહ કો પુરખાર દેખકર

જિંદગીના આ ખરબચડા રસ્તાઓ પર ચાલી ચાલીને પગમાં ફોલ્લાંઓ (આબલોં) પડી ગયા છે જે જોઈને હું ગભરાઈ ગયો હતો. પણ હે પરવર દિગાર, આગળના રસ્તાઓ પર કાંટાઓ (પુરખાર) પથરાયેલા જોઈને મને હાશ થઈ છે કે ચાલો હવે આ ફોલ્લાઓ કાંટાને લીધે આપોઆપ ફુટી જશે.

સાલુ ઘાવ, મુશ્કેલીઓ, આપત્તિઓ માણસને કેવાં કેવાં કલ્પનો ભેટ આપે છે ! કોઈકે સાચું જ કહ્યું છે, શોકને શ્લોક સાથે સીધો સંબંધ છે. નહીંતર વાલ્મિકીએ રામાયણ ન લખ્યું હોત !

ગાલિબની કવિતામાં તત્ત્વચિંતનત હોવા છતાં તેણે પોતાની જાતને હંમેશા એક ખામીસભર સામાન્ય જન તરીકે જ પેશ કર્યો.

યે મસાઈલે તસવ્વૂફ, યે તેરા બયાન ગાલિબ,
તૂઝે હમ વલી સમઝતે, જો ન બાદાખાર હોતા !

હે ગાલિબ, તારી કવિતામાં આવતી ઈશ્વરની ભક્તિની વાતો (મસાઈલે તસવ્વૂફ) એ રીતે બયાન થાય છે કે અમે તને પાદરી, ઋષિ કે મૌલાના (વલી) જ સમજ્યા હોત જો તું દારૂડિયો (બાદાખાર) ન હોત તો ! ગાલિબે પોતાની જાતને ક્યારેય ઋષિ કે મૌલાનાની પંગતમાં નથી બેસાડી. એ તો ઉપરથી અલ્લાહને શું ફરિયાદ કરે છે ? સાંભળો,

પકડે જાતે હૈં ફરિશ્તોં કે લિખે પર નાહક,
આદમી કોઈ હમારા તમે-તહરીર ભી થા ?

કયામતના દિવસ પછી ઉપર આવીએ ત્યારે ચિત્રગુપ્ત જેવા કોઈ દેવતા (ફરિશ્તા)એ લખેલ લેખાજોખા ઉપરથી અમારી સજા નક્કી થાય ચે એ ખોટું છે. લખતી વખતે તમે દેવતાઓએ કોઈ 'માણસ'ને હાજર રાખ્યો હતો જે તમને જણાવે કે અમે કેવી કેવી અસહાયતાઓ વચ્ચે અને કેવાં કેવાં સંજોગો વચ્ચે આ કર્મ, આ પાપ કર્યું હતું ? તમે તમારી દૃષ્ટિએ જે લેખેજોખા કરો છો એમાં થોડી 'ફરિશ્તાઈ' ઓછી કરી થોડી 'માણસાઈ' ઉમેરો.

ગાલિબને સંજોગોવશાત્ રાણી વિક્ટોરિયાથીત માંડી દિલ્હી તથા હૈદરાબાદના શાસકોની તારીફમાં કવિતાઓ લખવી પડી હતી તે સંદર્ભે પણ તેણે ઉપરનો શેર લખ્યો હોઈ શકે...

જિંદગીએ કરાવેલી ચંદ દિનોની કદમબોશી બાદ કરીએ તો ગાલિબ ખુમારીનો ખમતીધર કવિ હતો. તેને ગરીબી અને લાચારીના દિવસોમાં પણ પોતાની બ્રાન્ડ વેલ્યૂની પૂરતી ખબર હતી.

પુછતે હૈં વહ કિ ગાલિબ કૌન હૈ
કોઈ બતલાઓ કિ હમ બતલાયે ક્યા ?

આહ ! હા... હા... હા...

ઉપર્યુક્ત શેરને સમજાવવા માટે આ શેર ઉપર કોઈ ટિપ્પણી કરવાને બદલે ગાલિબના જીવનનો એક પ્રસંગ આલેખવો પર્યાપ્ત થઈ પડશે.

૧૮૩૧ની સાલમાં ગાલિબનું સરકારી પેન્શન રૂા. ૬૨.૫૦ હતું. ૧૮૩૫માં તેના માથે રૂપિયા ૫૦ હજાર જેટલું દેવું થઈ ગયું હતું. ૧૮૪૨માં તેને દિલ્હીની કૉલેજમાં ફારસીના અધ્યાપકનો હોદ્દો ઑફર થયો અને પગાર તય થયો રૂપિયા ૩૫૦૦ (ભાડા-ભથ્થા જુદા) ! ગાલિબ સાહેબ પાલખીમાં બેસી નૉકરી ઉપર હાજર થવા ગયા પરંતુ કૉલેજના પ્રાંગણમાંથી જ નૉકરી ઠુકરાવી પાછા વળી ગયા. કારણ ? કારણ એક જ... મારી પાલખી પ્રાંગણમાં પ્રવેશી ત્યારે આચાર્ય ટૉમ્સન સાહેબ સ્વાગત કરવા છેક પ્રાંગણમાં હાજર કેમ ન રહ્યા ? લાનત છે આવી નૉકરી પર જેના આચાર્યને ખબર ન હોય કે 'ગાલિબ' કોણ છે ?

એક વખત સમકાલીન શાયર 'ઝોક' સામે મુશાયરામાં ટકરાવાનું બન્યું. મુશાયરો શરૂ થતા પહેલાં જ ચર્ચાસ્પદ બની ચૂક્યો હતો. મુશાયરા દરમ્યાન ઝોક થોથવાઈ ગયા. ગાલિબે વિજયી અંદાજમાં શેર ફટકાર્યો (ગાલિબનો અર્થ જ 'વિજયી' અથવા 'જેની આણ પ્રવર્તે છે તેવી વ્યક્તિ' એવો થાય છે),

થી ખબર ગર્મ કિ 'ગાલિબ' કે ઉડેંગે પુરઝે
દેખને હમ ભી ગયે થે કિ તમાશા ન હુઆ

ગાલિબની શાયરીમાં રહેલી અર્થગહનતાને લીધે સમકાલીન વિવેચકોએ તેની ટીકા કરી ત્યારે તેણે પરવર દિગારને એક પ્રાર્થના કરી હતી,

યા રબ, ન વો સમઝે હૈં ન સમઝેંગે મેરી બાત
દે ઔર દિલ ઉનકો, જો ન દે મુઝકો જબાં ઔર

આ લોકો ક્યારેય મારી વાત સમજ્યા નથી ને સમજવાના નથી. હે ખુદા, યા તો એમને મારી લાગણીઓ સમજી શકે એવું દિલ આપ અથવા પછી મારી વાણી હરી લે !

ગાલિબે સમકાલીનો વિશે બહુ ટીપ્પણી નથી કરી પણ પોતાના પૂર્વસૂરી અને ગુરુ એવા મીર તકી મીર વિશે એક સુંદર શેર કર્યો છે,

રેકતે કે તુમ્હી ઉસ્તાદ ન હો ગાલિબ
કહેતે હૈં અગલે જમાને મેં કોઈ મીર ભી થા !

ગાલિબ, કવિતાઓ (રેખતો) લખવામાં એક તું જ પારંગત નથી, સાંભળ્યું છે કે તારી પહેલાં એક 'મીર' પણ હતો.

૧૮૬૯માં ગાંધીજીના જન્મના માત્ર સાત મહિના પહેલાં ૧૫મી ફેબ્રુઆરીના રોજ ગાલિબનું અવસાન થયું. જિંદગીની શારડીએ ઉડાડેલી દર્દની કરચોને લીધે લાલ થઈ ગયેલી આંખો હંમેશને માટે બિડાઈ ગઈ. હૃદયની આગમાંથી તપાઈને અને ગર્મ ખૂનમાંથી ઝબોળાઈને આવતા શબ્દોથી રચાયેલી અસદ (મિર્ઝા ગાલિબનું 'ગાલિબ' પહેલાંનું તખલ્લુસ)ની કવિતાઓ પાછળ મૂકતી ગઈ. આ કવિતાઓ એટલે ગર્મ ખૂનમાં રગદોળાઈને આવી છે કે તેના શબ્દો પર હાથ મૂકનારની આંગળી દાઝી જાય ! ગાલિબના શબ્દોમાં જ વાંચો,

લિખતા હું 'અસદ', સાઝિશે દિલસે સખૂને ગર્મ
તા રખ ન સકે કોઈ મેરે હર્ફ પર અંગુશ્ત !

વાહ ! તારી આ કવિતાઓ માટે હિન્દુસ્તાનની આવનારી પેઢીઓ તારી શુક્રગુઝાર રહેશે, ગાલિબ.

- કેતન નાણાવટી